# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : નેહલ ઠક્કર

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૩૦-૦૪-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## મોરબી-ભાજપ પ્રચાર :

કચ્છ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાએ આજે મોરબી શહેરમાં ભાજપના મધ્યસ્થ કાર્યાલયથી  દરબાર ગઢ સુધી રેલી યોજી હતી.શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને આગેવાનો જોડાયા હતા.

અલગ અલગ સમાજ અને એસોસિએસનના પદાધિકારીઓ દ્વારા આ રેલીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.વિનોદ ચાવડાની રેલીમાં ધારાસભ્ય કાંતિ અમૃતિયા સહિતના મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને આગેવાનો કારના કાફલા સાથે જોડાયા હતા.ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાયેલી આ રેલી દ્વારા મતદારોને અચૂક મતદાન કરવા અપીલ કરવામાં આવી હતી.

**RNU અમદાવાદ**

---

## કચ્છ-પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન :

લોકસભા ચૂંટણી-૨૦૨૪ અન્વયે ચૂંટણી કામગીરીમાં રોકાયેલા પોલીંગ સ્ટાફ અગાઉથી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે કચ્છ જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા આજે અને આવતીકાલે એમ બે દિવસીય પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન પ્રક્રિયા

યોજવામાં આવી છે.ફેસિલિટેશન સેન્ટર ખાતે ગેઝેટેડ અધિકારીઓની હાજરીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતદાન પ્રક્રિયા યોજવામાં આવી હતી.

મતદાનના દિવસે મતદારો સુચારૂ રીતે મતદાન કરી શકે તે માટે ફરજ પર તૈનાત પોલીંગ સ્ટાફ માટે આર.ડી.વરસાણી સ્કૂલ,ભુજ ખાતે ફેસિલિટેશન સેન્ટર ઊભું કરવામાં આવ્યું છે.ઉલ્લેખનીય છે કે,કચ્છ જિલ્લાના તમામ ૦૬ વિધાનસભા મત વિસ્તારમાં આ સેન્ટર ઊભા કરવામાં આવ્યા છે.

આ સેન્ટરમાં પોલીંગ સ્ટાફના મતદાનના બે દિવસ પૂર્ણ થયા બાદ પોલીસ કર્મચારીઓ,એસઆરપીએફ જવાનો તેમજ આવશ્યક સેવાના મતદારો બેલેટ પેપરથી મતદાન કરશે.આમ,આગામી તારીખ ૦૪ મે સુધી ફેસિલિટેશન સેન્ટર ખાતે બેલેટ પેપરથી મતદાન પ્રક્રિયા યોજાશે.

**માહિતી ખાતું**

---

## કચ્છ-મતદાન જાગૃતિ કાર્યક્રમ :

લોકસભા ચૂંટણી અંતર્ગત જિલ્લામાં મતદાન જાગૃતિ બાબતે વિવિધ પ્રવૃત્તિઓ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમિત અરોરા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈના માર્ગદર્શન હેઠળ થઈ રહી છે.ત્યારે ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ ૧૫ દિવસીય મતદાન જાગૃતિ કાર્યક્રમ અન્વયે આજરોજ સમગ્ર જિલ્લામાં મતદારોને મતદાન મથકની વિગતો દર્શાવતા બોર્ડ પાસે સેલ્ફી લેવડાવીને પ્રથમ વખતના મતદારોને તેમના મતદાન મથકોની ઓળખ આપવામાં આવી હતી અને મતદાન જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

જિલ્લામાં તમામ સ્થળોએ આવા સેલ્ફી અભિયાન થકી સમગ્ર જિલ્લાના મતદારોમાં અનેરો ઉત્સાહ જણાયો હતો.સમગ્ર કાર્યક્રમનું TIP નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીના નેજા હેઠળ SVEEP નોડલ અધિકારી,મદદનીશ નોડલ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

---

## રાપર-મતદાન તાલીમ શિબિર :

આગામી દિવસોમાં યોજાનારી કચ્છ-મોરબી લોકસભાની ચુંટણીના મતદાન પ્રક્રિયા માટે વહીવટી તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે.જે અંતર્ગત રાપર નગરપાલિકા ટાઉનહોલ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમિત અરોરા તથા મદદનીશ જિલ્લા ચૂંટણી અધિકારીની સુચનાથી બે દિવસીય તાલીમ શિબિર આયોજીત કરવામાં આવી છે.

જેમાં ફર્સ્ટ પ્રિસાઇડીંગ,પોલીંગઓફીસર,મહિલાઓ,સખીબુથ સહિત કર્મચારીઓને મતદાન દરમિયાનની ફરજની તાલીમ આપવામાં આવી હતી.જે અંતર્ગત પાટણ,બનાસકાંઠા,સાબરકાંઠા,મહેસાણા સહિતના અન્ય જિલ્લાના અહીં ફરજ બજાવતા કર્મચારીઓ માટે આજથી બેલેટ પેપર દ્વારા મતદાન શરૂ કરવામાં આવ્યું છે.જેમાં કુલ 1157 કર્મચારીઓ બેલેટ પેપર દ્વારા મતદાન કરશે.

**NP-નેહલ ઠક્કર**

---

## કચ્છ સંગ્રહાલય :

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત કચ્છ સંગ્રહાલય ભુજના કર્મચારીઓને ચૂંટણી ફરજ બજાવવાની હોઇ,સંગ્રહાલય આગામી ૬ અને 7મી મેના સંપૂર્ણપણે બંધ રહેશે.તેમ કયુરેટર કચ્છ સંગ્રહાલય ભુજની યાદીમાં જણાવાયું છે .

**NP-નેહલ ઠક્કર**

--------------------------------------------------------------------------------

## ગાંધીધામ-હાવડા વિશેષ ટ્રેન :

મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલ્વેએ ગાંધીધામ અને હાવડા વચ્ચે વિશેષ ભાડામાં વિશેષ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે.ગાંધીધામથી આજે રાત્રે ૧૧ વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે સવારે ૪ વાગ્યે હાવડા પહોંચશે.તેવી જ રીતે,હાવડા-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન હાવડાથી 03 મે શુક્રવારના રોજ રાત્રે ૮ વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે રાત્રે ૧૧ વાગ્યે ગાંધીધામ પહોંચશે.આ ટ્રેનનું બુકિંગ આજથી શરૂ થયું છે.

**NP-નેહલ ઠક્કર**

--------------------------------------------------------------------------------

## ક્રિકેટ :

અમેરિકા અને વેસ્ટઇન્ડીઝમાં જૂનમાં રમાનાર ટી-20 વિશ્વકપમાં ભાગ લેનારી ભારતીય ટીમની જાહેરાત  કરવામાં આવી છે.રોહિત શર્માના સુકાની પદેની ટીમમાં હાર્દિક પંડ્યા ઉપસુકાની રહેશે.16 સભ્યોની ટીમમાં અન્ય ત્રણ ગુજરાતી ખેલાડીઓ રવીન્દ્ર જાડેજા,અક્ષર પટેલ અને જસપ્રીત બુમરાહનો સમાવેશ થયો છે.

**ચંદ્રવદન પટ્ટણી**

--------------------------------------------------------------------------------

## ગુડથર-મતિયાપીર મેળો :

અબડાસા તાલુકાના ગુડથર ગામે આવેલા મોટા મતિયાપીરના સ્થાનકે દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્ર માસની ત્રીજ અને ચોથના દિવસે યોજાયેલા મેળામાં

કચ્છ અને કચ્છ બહારના વિસ્તારના  ભાવિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવ્યા હતા.આ વખતે શાળાઓમાં પરીક્ષા પૂર્ણ થઈ ગઈ હોવાથી હજારોની  સંખ્યામાં શ્રદ્ધાળુઓ  મેળામાં ઉમટી પડ્યા હતા. મેળો રાત્રિ દરમિયાન પણ ચાલુ રહ્યો હોવાથી લોકોએ મેળાની મોજ માણી હતી.

**NP-નેહલ ઠક્કર**

---------------------------------------------------------------------------------------------